# એશિયાડમાં પાંચમા દિવસે વુશુ, રોઈંગ, શૂટિંગ અને એથ્લેટિક્સ મળી પાંચ મેડલ આવ્યા

**વુશુમાં** રોશિબિના દેવીએ સિલ્વર, સ્કીટ શૂટિંગ અને રોઈંગમાં ઐતિહાસિક બ્રોન્ઝ મેડલ ભારતે જીત્યા

**સીમા** દેવીએ 10000 મીટરમાં 16 વર્ષે ભારતને બ્રોન્ઝ અપાવ્યો 4x400 રિલે ટીમે સિલ્વર મેડલ જીત્યો

**કબડ્ડીમાં** બંને ટીમ સેમી ફાઇનલમાં પહોંચી, ભારતીય પુરૂષ હોકી ટીમ પણ કોરિયાને હરાવી અજેય રહી

**સ્ક્વોશમાં** અનાહત, તન્વી, અભય અને વીર ક્વાર્ટર ફાઇનલમાં, બોક્સિંગ, જિમ્નાસ્ટિકમાં નિરાશા સાંપડી

*નાગોયા, તા. 24 : એશિયન ગેમ્સના આજે ગુરુવારે પાંચમા મહત્વપૂર્ણ દિવસે ભારતીય વુશુ ખેલાડી રોશિબિના દેવીએ મહિલાઓના 60 કિગ્રા વર્ગની ફાઇનલમાં ચીનની ઝાંગ ઝિયાઓયુ સામે હારીને સતત બીજો સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે. એશિયન ગેમ્સના ઇતિહાસમાં રોશિબિના ભારતની સૌથી સફળ વુશુ ખેલાડી બની ગઈ છે. નિરાશાજનક પ્રદર્શન વચ્ચે મિશ્ર સ્કીટ શૂટિંગ સ્પર્ધામાં પરિનાઝ ધાલીવાલ અને અનંતજીત સિંહ નારુકાની જોડીએ બ્રોન્ઝ મેડલ જીતીને ભારતને રાહત અપાવી હતી. આ ઉપરાંત રોઈંગમાં સતનામ સિંહ અને સલમાન ખાનની જોડીએ પણ પુરૂષોની ડબલ સ્કલ્સ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. જ્યારે એથ્લેટિક્સમાં સીમા દેવીએ 10000 મીટરમાં ભારતને 16 વર્ષે મેડલ અપાવ્યો હતો, તેમજ 4x400 રિલે ટીમે પણ જોરદાર પ્રદર્શન કરીને દેશને સિલ્વર મેડલ અપાવ્યો હતો. આ સાથે જ ભારતના મેડલની સંખ્યા કુલ 17 પર પહોંચી હતી, જો કે મહિલા ક્રિકેટ ટીમે જીતેલા એકમાત્ર ગોલ્ડ પછી એકેય ખેલાડી ગોલ્ડ મેડલ જીતી શક્યો નથી. અન્ય રમતોમાં ભારતીય પુરૂષ હોકી ટીમે ધમાકેદાર પ્રદર્શન ચાલુ રાખતા કોરિયાને 8-2થી પરાજય આપ્યો હતો, જેમાં દિલપ્રીત સિંહે શાનદાર હેટ્રિક નોંધાવી હતી. કબડ્ડીમાં ભારતીય પુરૂષ અને મહિલા ટીમોએ પોતપોતાની મેચો જીતીને સેમી ફાઇનલમાં પ્રવેશ સાથે બ્રોન્ઝ મેડલ પાકો કર્યો છે. સ્ક્વોશમાં અનાહત સિંહ, તન્વી ખન્ના, અભય સિંહ અને વીર ચોટરાણી ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા છે. જોકે બોક્સિંગમાં મેડલની દાવેદાર સાક્ષી ચૌધરી પ્રિ ક્વાર્ટર ફાઇનલમાં હારી ગઇ હતી તો સુમિત પ્રિ ક્વાર્ટર ફાઇનલમાંથી ઇજાને કારણે બહાર થયો હતો, જો કે પરવીન હુડ્ડા પોતાની કેટેગરીમાં ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગઇ છે. જીમ્નાસ્ટિક્સમાં પ્રણતિ નાયક આઠ જિમ્નાસ્ટની વોલ્ટ ફાઇનલમાં છઠ્ઠા સ્થાને રહેતા ભારતને નિરાશા સાંપડી હતી. ફેન્સિંગમાં પણ ભારતને નિરાશા સાંપડી હતી, જ્યારે મહિલા ટ્રિપલ જમ્પમાં આશા લિઆંગો ચોથા સ્થાને રહીને સ્હેજ માટે મેડલ ચૂકી હતી. આશા અને ચીનની લિ યી એકસમાન 13.38 મીટરના જમ્પ સાથે ટાઇ થયા હતા, જો કે લિનો બીજો શ્રેષ્ઠ પ્રયાસ 13.79 હતો જે આશાના 13.65 મીટર કરતાં 0.14 મીટર વધારે હતો.*

## એથ્લેટિક્સમાં મિક્સ્ડ રિલે ટીમે સિલ્વર અને સીમાએ બ્રોન્ઝ જીત્યો

**ભારતે** મિક્સ્ડ 4x400 મીટર રિલેમાં સતત ત્રીજો મેડલ મેળવ્યો

**10,000** મીટર દોડમાં સીમાએ 16 વર્ષે ભારતને બ્રોન્ઝ અપાવ્યો

**ઇશા** ટ્રિપલ જમ્પમાં સ્પેજ માટે મેડલ ચૂકી, અનિમેશ, ગુરિન્દર સેમીમાં





નાગોયા, તા. 24 (પીટીઆઇ) : એશિયન ગેમ્સમાં ભારતની એથ્લેટિક્સ ઝુંબેશની શાનદાર શરૂઆત થઈ છે. ભારતીય મિક્સ્ડ 4x400 મીટર રિલે ટીમે સિલ્વર મેડલ જીતીને સતત ત્રીજી એશિયન ગેમ્સમાં મેડલ પોતાના નામે કર્યો છે. બીજી તરફ, સીમાએ મહિલાઓની 10,000 મીટર દોડમાં સરપ્રાઇઝ બ્રોન્ઝ મેડલ જીતીને દેશને 16 વર્ષે આ ઈવેન્ટમાં મેડલ અપાવ્યો છે. ટી એસ મનુ, એમ આર પુવમ્મા, વિશાલ ટીકે અને વિથ્યા રામરાજની ભારતીય ટીમે 3 મિનિટ 14.46 સેકન્ડનો સમય કાઢીને બીજું સ્થાન મેળવ્યું હતું. બહરીનની ટીમે 3:12.87ના ગેમ્સ રેકોર્ડ સમય સાથે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. યુએઈ દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યા બાદ રિલે રેસનું પરિણામ થોડો સમય રોકી રાખવામાં આવ્યું હતું, પરંતુ બાદમાં યુએઈ ગેરલાયક ઠરતા ભારતનો સિલ્વર મેડલ સત્તાવાર જાહેર કરાયો હતો. બીજી તરફ, હિમાચલ પ્રદેશની 25 વર્ષીય દોડવીર સીમાએ 32 મિનિટ 50.05 સેકન્ડના સમય સાથે ત્રીજું સ્થાન મેળવીને ભારતનું ખાતું ખોલાવ્યું હતું. આ ઉપરાંત મહિલાઓની ટ્રિપલ જમ્પમાં આશા ઈલાંગો ચોથા સ્થાને રહીને મેડલથી ચૂકી ગઈ હતી. જ્યારે પુરૂષોની 100 મીટર સ્પર્ધામાં અનિમેશ કુજુર અને રાષ્ટ્રીય રેકોર્ડ ધારક ગુરિન્દરવીર સિંહે પોતપોતાની હીટમાં સફળ પ્રદર્શન કરીને સેમિફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો.

## વુશુમાં રોશિબિનાએ સિલ્વર મેડલ જીતી ઇતિહાસ રચ્યો

**ફાઇનલમાં** ચીનની ઝાંગ ઝિયાઓયુ સામે પરાજય છતાં ભારતીય ખેલાડીએ સતત ત્રીજો એશિયાડ મેડલ પોતાના નામે કર્યો



નાગોયા, તા. 24 (પીટીઆઇ) : ભારતીય વુશુ ખેલાડી નાઓરેમ રોશિબિના દેવીએ મહિલાઓની 60 કિલોગ્રામ સ્પર્ધાની ફાઇનલમાં સિલ્વર મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. એશિયન ગેમ્સમાં રોશિબિનાનો આ સતત ત્રીજો મેડલ છે. અગાઉ તેમણે 2018માં બ્રોન્ઝ અને તે પછીની આવૃત્તિમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો.

અહીં આઈચી પ્રિફેક્ચરલ માર્શલ આર્ટ્સ હોલ ખાતે રમાયેલી ફાઈનલ મેચમાં 25 વર્ષીય રોશિબિનાને ચીનની ઝાંગ ઝિયાઓયુ સામે 0-2થી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. ચીનની ખેલાડીએ બંને રાઉન્ડમાં પોતાની તકનીકી શ્રેષ્ઠતા અને આક્રમક કિક્સ વડે દબદબો જાળવી રાખ્યો હતો. આ મેડલ રોશિબિના માટે ખાસ છે કારણ કે તે શરૂઆતમાં ભારતીય ટીમમાં સામેલ નહોતી. જૂન મહિનામાં યોજાયેલી ટ્રાયલ્સમાં દિવ્યાંશી ચૌધરી સામે હાર્યા બાદ તેઓ ટીમમાંથી બહાર ફેંકાઈ હતી. જોકે દિવ્યાંશીને ઈજા થતાં 10 સપ્ટેમ્બરે રોશિબિનાનો ટીમમાં સમાવેશ કરાયો હતો. મણિપુરના બિષ્ણુપુર જિલ્લાના ગરીબ ખેડૂત પરિવારમાંથી આવતા રોશિબિનાની રમત માટે તેમના પિતા નાઓરેમ દામુ સિંહે જમીન પણ વેચી દીધી હતી.

### એશિયન ગેમ્સમાં આજનું ભારતનું શેડ્યુલ

**બેડમિન્ટન :** મિક્સ્ડ ડબલ્સ રાઉન્ડ ઓફ 32 : સવારે 6:00 વાગ્યે
**શૂટિંગ :** 10 મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ : સવારે 6:15 વાગ્યે
**ટેબલ ટેનિસ :** મિક્સ્ડ ડબલ્સ ક્વાર્ટર ફાઇનલ : સવારે 6:30 વાગ્યે
**એથ્લેટિક્સ :** મહિલા હેપ્ટાથલોન લોંગ જમ્પ : સવારે 6:30 વાગ્યે
**સ્વિમીંગ :** પુરુષોની 50 મીટર બ્રેસ્ટસ્ટ્રોક હીટ્સ : સવારે 6:40 વાગ્યે
**સ્વિમીંગ :** પુરુષોની 200 મીટર બેકસ્ટ્રોક હીટ્સ : સવારે 6:58 વાગ્યે
**ફેન્સિંગ :** મહિલા પે ટીમ ટેબલ : સવારે 7:00 વાગ્યે
**સ્ક્વોશ :** મિક્સ્ડ ડબલ્સની ક્વાર્ટર ફાઇનલ : સવારે 7:00 વાગ્યે
**સ્વિમીંગ :** પુરુષોની 400 મીટર ફ્રીસ્ટાઇલ હીટ્સ : સવારે 7:10 વાગ્યે
**શૂટિંગ :** પુરુષોની 50 મીટર 3 પોઝિશન : સવારે 7:15 વાગ્યે
**ટેબલ ટેનિસ :** મેન્સ ડબલ્સ રાઉન્ડ ઓફ 32 : સવારે 7:30 વાગ્યે
**સ્વિમીંગ :** પુરુષોની 200 મીટર બટરફ્લાય હીટ્સ3 : સવારે 7:36 વાગ્યે
**એથ્લેટિક્સ :** મહિલા હેપ્ટાથલોન જેવેલિન થ્રો : સવારે 7:55 વાગ્યે
**ટેબલટેનિસ :** મેન્સ ડબલ્સ રાઉન્ડ ઓફ ૩૨ : સવારે 8:15 વાગ્યે
**ટેબલટેનિસ :** મહિલા સિંગલ્સના રાઉન્ડ ઓફ ૩૨ : સવારે 9:00 વાગ્યે
**સ્ક્વોશ :** પુરુષોની સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલ : સવારે 9:15 વાગ્યે
**કબડ્ડી :** મહિલા સેમી ફાઇનલ ભારત વિ. નેપાળ : સવારે 9:30 વાગ્યે
**ટેબલ ટેનિસ :** મહિલા સિંગલ્સ રાઉન્ડ ઓફ 32 : સવારે 9:45 વાગ્યે
**સ્ક્વોશ :** મહિલા સિગલ્સ ક્વાર્ટર ફાઇનલ : સવારે 10:00 વાગ્યે
**બોક્સિંગ :** પુરુષોના 60 કિગ્રા રાઉન્ડ ઓફ 16 : સવારે 10:15 વાગ્યે
**ટેબલ ટેનિસ :** મેન્સ સિંગલ્સના રાઉન્ડ ઓફ 32 : સવારે 10:30 વાગ્યે
**કબડ્ડી :** પુરુષ સેમી ફાઇનલ ભારત વિ. થાઇલેન્ડ : સવારે 10:45 વાગ્યે
**ટેબલ ટેનિસ :** મેન્સ સિંગલ્સના રાઉન્ડ ઓફ 32 : સવારે 11:15 વાગ્યે
**ટેબલ ટેનિસ :** મહિલા ડબલ્સ રાઉન્ડ ઓફ 16 : બપોરે 12:00 વાગ્યે
**બેડમિન્ટન :** મિક્સ્ડ ડબલ્સ રાઉન્ડ ઓફ 16 : બપોરે 12:30 વાગ્યે
**બેડમિન્ટન :** પુરુષ ડબલ્સ રાઉન્ડ ઓફ 32 : બપોરે 12:30 વાગ્યે
**બેડમિન્ટન :** મહિલા ડબલ્સ રાઉન્ડ ઓફ 32 : બપોરે 12:30 વાગ્યે
**ટેબલ ટેનિસ :** મહિલા ડબલ્સ રાઉન્ડ ઓફ 16 બપોરે 12:45 વાગ્યે
**વેઇટલિફ્ટિંગ :** મહિલા 61 કિગ્રા ફાઇનલ ગ્રુપ એ : બપોરે 1:30 વાગ્યે:
**બોક્સિંગ :** મહિલા 54 કિગ્રા રાઉન્ડ ઓફ 16 : બપોરે 2:15 વાગ્યે
**ટેબલ ટેનિસ :** મિક્સ્ડ ડબલ્સ સેમિફાઇનલ : બપોરે 3:00 વાગ્યે
**એથ્લેટિક્સ :** મહિલા શોટ પુટ ફાઇનલ : બપોરે 3:35 વાગ્યે
**ટેબલ ટેનિસ :** મિક્સ્ડ ડબલ્સ સેમી ફાઇનલ : બપોરે 3:45 વાગ્યે
**એથ્લેટિક્સ :** પુરુષોની ૧૦૦ મીટર સેમી ફાઇનલ હીટ 2 : સાંજે 4:11 વાગ્યે
**એથ્લેટિક્સ :** પુરુષોની ૧૦૦ મીટર સેમી ફાઇનલ હીટ 3 : સાંજે 4:19 વાગ્યે
**એથ્લેટિક્સ :** મહિલા પોલ વોલ્ટ ફાઇનલ : સાંજે 4:33 વાગ્યે
**એથ્લેટિક્સ :** મહિલા હેપ્ટાથલોન 800 મીટર : સાંજે 4:41 વાગ્યે
**એથ્લેટિક્સ :** પુરુષોની 10000 મીટર દોડની ફાઇનલ : સાજે 5:02 વાગ્યે
**એથ્લેટિક્સ :** પુરુષોની હેમર થ્રો ફાઇનલ : સાજે 5:10 વાગ્યે
**એથ્લેટિક્સ :** મહિલાઓની 400 મીટર હીટ્સ 2 : સાંજે 5:53 વાગ્યે
**એથ્લેટિક્સ :** મહિલાઓની 400 મીટર દોડ હીટ 3 : સાંજે 6:01 વાગ્યે
**એથ્લેટિક્સ :** પુરુષોની ૪૦૦ મીટર હીટ્સ 2 : સાંજે 6:21 વાગ્યે

### ભારતીય ટેનિસ ખેલાડી પરિક્ષિત સોમાણી ડોપ ટેસ્ટમાં ફેલ જતાં ચાર વર્ષનો પ્રતિબંધ

નવી દિલ્હી, તા. 24 : ભારતીય ટેનિસ ખેલાડી પરિક્ષિત સોમાણી પર ગયા વર્ષે અસ્તાનામાં એટીપી ચેલેન્જર ટૂર્નામેન્ટ દરમિયાન ડોપ ટેસ્ટમાં નિષ્ફળ ગયા બાદ 4 વર્ષનો પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય ટેનિસ ઈન્ટેગ્રિટી એજન્સી (આઈટીઆઈએ)ની સ્વતંત્ર ટ્રિબ્યુનલે આ નિર્ણય સંભળાવ્યો છે. 26 વર્ષીય સોમાણીએ જુલાઇ 2023માં કારકિર્દીની સર્વોચ્ચ 256મી ડબલ્સ રેન્કિંગ મેળવી હતી. 31 જુલાઈ 2025 ના રોજ કઝાકિસ્તાનમાં તેનો પ્રતિબંધિત પદાર્થ ટ્રીમેટાઝિડીન માટે ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો.

## શૂટિંગમાં અનંતજીત-પરીનાઝે સ્કીટ મિક્સ્ડ ટીમમાં બ્રોન્ઝ મેડલ જીત્યો

**અનંતજીત** સિંહ અને પરીનાઝ ધાલીવાલે તીવ્ર પવન વચ્ચે આ ઇવેન્ટમાં ભારતને પહેલો મેડલ અપાવી ઇતિહાસ રચ્યો



નાગોયા, તા. 24 (પીટીઆઇ) : ભારતીય શૂટર અનંતજીત સિંહ નારુકા અને પરીનાઝ ધાલીવાલે ગુરુવારે એશિયન ગેમ્સની સ્કીટ મિક્સ્ડ ટીમ સ્પર્ધામાં ઐતિહાસિક બ્રોન્ઝ મેડલ જીતીને નવો ઈતિહાસ રચ્યો છે. એશિયન ગેમ્સના ઈતિહાસમાં સ્કીટ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં ભારતનો આ સૌપ્રથમ મેડલ છે. આ સફળતા સાથે જ ભારતીય સ્કીટ શૂટર્સે માત્ર બે દિવસમાં કુલ ત્રણ મેડલ જીતીને અસાધારણ પ્રદર્શન કર્યું છે. બીજી તરફ, પુરુષોની 10 મીટર એર પિસ્તોલ ટીમ ફાઈનલમાં પહોંચવામાં અસફળ રહી હતી અને ખાલી હાથે પાછી ફરી હતી.

ક્વોલિફિકેશન રાઉન્ડમાં ભારતીય જોડી 138 પોઈન્ટ સાથે ચોથા સ્થાને રહીને ફાઈનલમાં પ્રવેશ કરી હતી, જેમાં અનંતજીતે 75માંથી 70 અને પરીનાઝે 68 સ્કોર કર્યો હતો. ફાઈનલ મેચ દરમિયાન વાતાવરણમાં તીવ્ર પવન હોવા છતાં ભારતીય જોડીએ ઉત્કૃષ્ટ રમત બતાવી હતી. કતારની ટીમ પ્રારંભિક રાઉન્ડમાં બહાર થઈ જતાં ભારત માટે બ્રોન્ઝ મેડલ પાકો થઈ ગયો હતો. અંતિમ તબક્કામાં ભારતીય જોડીએ કુલ 44 સ્કોર કરીને બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો. આ સ્પર્ધામાં ચીને 52 સ્કોર સાથે ગોલ્ડ અને દક્ષિણ કોરિયાએ 51 સ્કોર સાથે સિલ્વર મેડલ મેળવ્યો હતો.

### ઈંગ્લિશ કાઉન્ટી ક્રિકેટર રોબિન દાસ પર બળાત્કારના બે ગંભીર આરોપ

લંડન, તા. 24 : ઈંગ્લેન્ડની એસેક્સ કાઉન્ટી ક્રિકેટ ક્લબના 24 વર્ષીય બેટ્સમેન રોબિન દાસ પર જાતીય શોષણના બે ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે. આ ગંભીર આરોપો બાદ, એસેક્સ કાઉન્ટીએ તેને તાત્કાલિક અસરથી ટીમમાંથી સસ્પેન્ડ કરી દીધો છે. દાસ હવે આ કેસના સંદર્ભમાં નવમી ઓક્ટોબરે ઈનર લંડન ક્રાઉન કોર્ટમાં હાજર થશે. લંડન મેટ્રોપોલિટન પોલીસના સત્તાવાર અહેવાલ મુજબ, માર્ચ 2024માં બ્રિક્સટનમાં એક મહિલા પર બળાત્કાર થયો હતો. તપાસ બાદ, પોલીસે 27 ઓગસ્ટ, 2025ના રોજ રોબિન દાસની ધરપકડ પણ કરી હતી.

### દિલપ્રીતની હેટ્રિકથી કોરિયા સામે 8-2ની જીત સાથે ભારતની સતત ત્રીજી જીત



કાકામિગાહારા, તા. 24 (પીટીઆઇ) : શાનદાર ફોર્મમાં ચાલી રહેલા સ્ટ્રાઇકર દિલપ્રીત સિંહની હેટ્રિકની મદદથી ભારતીય પુરુષ હોકી ટીમે એશિયન ગેમ્સમાં ગુરુવારે કોરિયાને 8-2થી કચડીને સેમી ફાઇનલમાં પોતાનું સ્થાન લગભગ નિશ્ચિત કરી લીધું છે. પૂલ એમાં ભારતની આ સતત ત્રીજી જીત છે. આ પહેલા ભારતે ઇન્ડોનેશિયાને 13-1થી અને શ્રીલંકાને 16-1થી હરાવ્યું હતું. દિલપ્રીતે 10મી, 26મી અને 32મી મિનિટે શાનદાર ફીલ્ડ ગોલ કરીને પોતાની હેટ્રિક નોંધાવી હતી.

### કબડ્ડીમાં ભારતીય પુરૂષ અને મહિલા ટીમ સેમી ફાઇનલમાં



નાગોયા, તા. 24 (પીટીઆઇ) : વર્તમાન ચેમ્પિયન ભારતે ગુરુવારે અહીં યોજાયેલી ગ્રુપ-એની અંતિમ મેચોમાં ચાઇનીઝ તાઇપેઇ અને જાપાન સામે ભવ્ય વિજય મેળવીને એશિયન ગેમ્સની પુરૂષ અને મહિલા કબ્બડી સ્પર્ધાની સેમી ફાઇનલમાં પ્રવેશ કરી લીધો છે. ભારતીય પુરૂષ ટીમે પોતાની છેલ્લી ગ્રુપ મેચમાં ચાઇનીઝ તાઇપેઇને 37-21 થી પરાજય આપ્યો હતો, જ્યારે ભારતીય મહિલા ટીમે યજમાન જાપાનને 50-25 થી હરાવીને પોતાના ગ્રુપમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું.

### એશિયન ગેમ્સ મેડલ ટેલિ

| ક્રમાંક | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | ચીન | 80 | 30 | 20 | 130 |
| 2 | જાપાન | 20 | 34 | 37 | 91 |
| 3 | સાઉથ કોરિયા | 10 | 12 | 28 | 50 |
| 4 | કઝાકિસ્તાન | 8 | 8 | 9 | 25 |
| 5 | ઉઝબેકિસ્તાન | 6 | 12 | 8 | 26 |
| 6 | ઇરાન | 6 | 10 | 4 | 20 |
| 7 | થાઇલેન્ડ | 5 | 4 | 7 | 16 |
| 8 | હોંગકોંગ | 3 | 6 | 7 | 16 |
| 9 | નોર્થ કોરિયા | 3 | 3 | 3 | 9 |
| 15 | ભારત | 1 | 7 | 9 | 17 |

## સતનામ-સલમાને ડબલ સ્કલ્સમાં ઐતિહાસિક બ્રોન્ઝ જીત્યો

**રોઈંગ** : પુરુષોની ડબલ સ્કલ્સ સ્પર્ધામાં ભારતનો આ પ્રથમ મેડલ

**સિંગલ** સ્કલ્સમાં બલરાજ પંવાર ચોથા સ્થાને રહીને મેડલ ચૂક્યો



નાગોયા, તા. 24, (પીટીઆઇ) : એશિયન ગેમ્સમાં ભારતીય રોઈંગ ટીમના નબળા પ્રદર્શન વચ્ચે સતનામ સિંહ અને સલમાન ખાનની જોડીએ પુરુષોની ડબલ સ્કલ્સ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીતીને દેશનું નામ રોશન કર્યું છે. એશિયન ગેમ્સના ઇતિહાસમાં આ સ્પર્ધામાં ભારતનો આ સર્વપ્રથમ મેડલ છે. ભારતીય જોડીએ 6:13.25 નો સમય નોંધીને ત્રીજું સ્થાન મેળવ્યું હતું. આ સ્પર્ધામાં ચીને 6:09.37 ના સમય સાથે ગોલ્ડ અને ઉઝબેકિસ્તાને 6:10.49 ના સમય સાથે સિલ્વર મેડલ મેળવ્યો હતો. ભારતીય જોડી 1500 મીટર સુધી બીજા સ્થાને હતી, પરંતુ અંતિમ 500 મીટરમાં ત્રીજા સ્થાને સરકી ગઈ હતી. સ્પર્ધા શરૂ થવાના બે દિવસ પહેલા જ બોટ કોમ્બિનેશનમાં કરાયેલા અચાનક ફેરફારોથી ખેલાડીઓમાં અસંતોષ ફેલાયો હતો. માત્ર પાંચ દિવસ પહેલા એકસાથે આવેલા સતનામ અને સલમાને જણાવ્યું હતું કે જો તેમને વધુ સમય મળ્યો હોત તો તેઓ ગોલ્ડ જીતી શક્યા હોત. અન્ય સ્પર્ધાઓમાં બલરાજ પંવાર સિંગલ સ્કલ્સમાં ચોથા સ્થાને રહ્યા હતા.

### સ્ક્વોશમાં ભારતનો દબદબો : અનાહત-તન્વી વચ્ચે ક્વાર્ટર ફાઇનલ

નાગોયા, તા. 24 : એશિયન ગેમ્સમાં ગુરુવારે સ્ક્વોશ કોર્ટ પર ભારત માટે સફળ દિવસ રહ્યો હતો. મહિલા સિંગલ્સમાં અનાહત સિંહ અને તન્વી ખન્ના, પુરુષ સિંગલ્સમાં અભય સિંહ અને વીર ચોટરાણી તથા મિક્સ્ડ ડબલ્સમાં જોશ્ના ચિનપ્પા અને વેલાવન સેન્થિલકુમારની જોડી ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગઈ છે. જૂનિયર વર્લ્ડ ચેમ્પિયન અને મેડલની દાવેદાર અનાહતે પોતાના અભિયાનની આક્રમક શરૂઆત કરતા સિંગાપોરની વાઇ ઇન ઓ યોંગને માત્ર 19 મિનિટમાં 3-0થી હરાવી હતી.

### બોક્સિંગમાં મિશ્ર દિવસ : પરવીન અંતિમ આઠમાં, સાક્ષી, સુમિત બહાર

નાગોયા, તા. 24 : ભારતીય મહિલા બોક્સર પરવીને તાજિકિસ્તાનની માલિકા નોઝિમોવા સામે વોકઓવર મળ્યા બાદ એશિયન ગેમ્સમાં મહિલાઓની 65 કિગ્રા કેટેગરીની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કરી લીધો છે. જોકે, 51 કિગ્રા કેટેગરીમાં હરિયાણાની 26 વર્ષીય સાક્ષી ચૌધરી પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં કઝાકિસ્તાનની અલુઆ બાલ્કીબેકોવા સામે 2-3 થી હારીને બહાર થઇ ગઈ હતી. બીજી તરફ, પુરુષોની 70 કિગ્રા કેટેગરીમાં સુમિતને કમનસીબ ઇજાના કારણે મેચ છોડવી પડી હતી.

### ટેબલ ટેનિસમાં શ્રીજા-સિંડ્રેલા, યશસ્વિની-દિયા પ્રી-ક્વાર્ટરમાં, માનુષ, માનવની પણ આગેકૂચ

નાગોયા, તા. 24 ( પીટીઆઇ) : એશિયન ગેમ્સમાં ભારતીય ટેબલ ટેનિસ ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાનદાર સફળતા મેળવી હતી. મહિલા ડબલ્સની સ્પર્ધામાં ભારતની શ્રીજા અકુલા-સિંડ્રેલા દાસ અને યશસ્વિની ઘોરપડે-દિયા ચિતાલેની જોડી પોતપોતાની મેચો જીતીને પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગઈ છે. આ સિવાય પુરુષ સિંગલ્સમાં માનુષ શાહ અને માનવ ઠક્કરે પણ સફળતાપૂર્વક આગળના રાઉન્ડમાં સ્થાન પક્કું કર્યું છે.

### સુડોકુ ૯૯૩૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | | | ૯ | | ૮ | | ૧ |
| | | | | | | | | ૬ |
| ૪ | ૩ | ૧ | | ૭ | ૮ | ૨ | ૫ | ૯ |
| ૯ | ૮ | | ૧ | ૩ | | | ૨ | ૪ |
| ૫ | ૪ | ૩ | | | ૨ | ૧ | ૮ | ૭ |
| | ૨ | ૭ | ૪ | ૮ | ૫ | ૬ | ૯ | ૩ |
| | | | ૨ | ૪ | | ૩ | ૧ | |
| ૩ | | ૫ | | | ૬ | | ૭ | |
| | | ૪ | | | | ૯ | ૬ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



### દાદીમાના નુસખા


મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**સફેદ ડાઘ**

પીપળાની છાલ લાવી, ટુકડા કરી સૂકવી લો. ચૂર્ણ બનાવી લો. તેમાંથી 3 ગ્રામ ચૂર્ણ રોજ ત્રણ વાર પાણી સાથે લેવું. મીઠું બંધ કરવું.

### શબ્દગુંફન - ૭૨૫૩

અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧. ગજાનન, ગણેશ (૪)
૪. ઘા ઉપર ચોપડવાનું ઔષધ (૩)
૭. ઝાંઝર (૩)
૮. તેજ, ભપકો (૩)
૧૦. ફકીર (૪)
૧૨. કામ (૨)
૧૩. રસ્તો, માર્ગ (૨)
૧૪. શબ્દ, બોલ (૩)
૧૬. સરોવર કે પર્વત પરથી પડતો કુદરતી જળ પ્રવાહ (૨)
૧૮. આદમી (૨)
૧૯. કેફ, ખુમારી (૨)
૨૦. અરુચિ, અપ્રિતી (૩)
૨૧. મિથુન ચક્રવર્તીની એક ફિલ્મ (૨)
૨૨. લાગ, પ્રસંગ (૨)
૨૩. નાત જમાડવી તે (૨)
૨૪. મોટું (૩)
૨૫. મરજી (૨)
૨૬. પવન (૨)
૨૭. દુઃખ (૩)
૨૯. પીડવું તે (૩)
૩૧. તંતુ, દોર (૨)
૩૨. બાતમી, પગેરું (૩)
૩૩. માછલું (૨)
૩૪. અવાજ, ઘોષ (૨)

**ઊભી ચાવી**

૨. હાર, પંક્તિ (૩)
૩. શોધ (૩)
૪. મંદ સ્મિત (૪)
૫. ખુમારી, અભિમાન (૨)
૬. આકાશ, ગગન (૨)
૯. માહિતગાર, જાણકાર (૩)
૧૦. જોવુ તે (૩)
૧૧. દુશ્મનાવટ, શત્રુતા (૨)
૧૩. રંગ, વર્ણ (૨)
૧૪. સીમા, મર્યાદા (૨)
૧૫. બીક (૩)
૧૭. પુત્ર (૩)
૧૮. લોકમત (૪)
૧૯. દોલત (૨)
૨૧. દાન આપનાર (૪)
૨૨. શરીર, દેહ (૨)
૨૩. વરદાન દેનાર (૩)
૨૫. હેતુ, મુરાદ (૪)
૨૬. મોટરગાડી (૨)
૨૮. ઘોડી (૩)
૩૦. આનંદ, લહેર (૨)
૩૧. આલાપ (૨)



### આજનું પંચાંગ

**તા. 25/09/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિ:** સુદ: ચૌદસ: 23:08 અનંત ચતુર્દશી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો: 03
**યોગ :** શૂલ **કરણ:** ગર
**નક્ષત્ર :** શતભિષા:- 11:23 પછી પૂ.ભા.
**રાશિ:** કુંભ (ગ,સ,શ,ષ)
**દિવસ :** અશુભ- શ્રી ગણેશ વિસર્જન
**સુરતમાં સૂર્યોદય :** 06:29 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:31
**નવકારસી :** 07:17
**પારસી વર્ષ :** 1396 અરદીબેહેસ્ત માસનો 12મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448, રબિઉલ આખર માસનો 13મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ,
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ,
**રાહુ કાળ :** સવારે: 10.30થી 12:00 સુધી

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** વડીલો સાથે વિવાદ ટાળવા. ઘરમાં અશાંતિજનક વાતાવરણ રહે. સંતાનોના કામની ચિંતા સતાવે.

**વૃષભ (બ,વ,ઉ,):** પરિવારના કામમાં જીવન સાથીનો સાથ મળે. ઉંમરલાયકના વિવાહની વાત આગળ વધે. આવક વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** સ્વજનો સાથે સામાજીક કામ થાય. માનસિક અશાંતિ આરોગ્ય બગાડે. ઘરમાં વિવાદ ટાળવો. મહત્વનો કામ પાર પડે.

**કર્ક (ડ,હ,):** બાળકોની સમસ્યાનું સમાધાન થઇ શકે છે. બીનજરૂરી ખર્ચા વધશે. પ્રેમ જીવનમાં ધીરજ રાખવી.

**સિંહ (મ,ટ,):** સ્વાર્થીમિત્રોથી સાવધાન, સંતાનોની સમસ્યા સતાવે. વિદ્યાર્થીઓને મદદમ ળે. નવા રોકાણમાં ધીરજ રાખવી.

**કન્યા (પ,ઠ,ણ,):** સર્જનાત્મક કાર્ય પાર પડશે. ધંધામાં આવક વધે. સમાજ જીવનમાં પ્રગતિ થાય. વડીલોનો સાથ મળે.

**તુલા (ર,ત,):** ધાર્મિક પ્રવાસમાં છેતરાઇ જવાથી બચવું. સંતાનોના કામમાં પ્રગતિ થાય. જીવન સાથીનો સાથ મળે.

**વૃશ્ચિક (ન,ય,):** હીત શત્રુઓથી નુકસાન થઇ શકે છે. આરોગ્ય નરમ રહે. કોઈની વાતોમાં લેવડ-દેવડ કરવી નહી.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** મહત્ત્વના નવા ફેરફાર થાય. રાજકારણ સાથે જોડાયેલાની પ્રતિષ્ઠા વધે. જૂના કાયદાકીય પ્રશ્નો હલ થાય.

**મકર (ખ,જ,):** કામની કદર થાય. હાથ પરનો કામ પૂર્ણ કરવા. અચાનક નવી તક મળે. ખર્ચા વધશે. મન અશાંત રહે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આવક વધે. નવા સંબંધો બને. વફાદાર મિત્રોનો સાથ મળે. પરીક્ષામાં હકારાત્મક વલાતાવરણ રહે.

**મીન (દ,ચ,ઝ,થ,):** પરિવારમાં તાલમેળ રાખવો. ઘરના કામની ચિંતા સતાવે. નવા મકાનની યોજના બને. આક વધે.

### કોઈ પણ સાલમાં 25 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતુ આપનું નવુ વર્ષ સંઘર્ષ મય રહેશે. નોકરીમાં નવી તક છતાં વિઘ્નો આવે. ટેકનોલોજીનું શિખવા મળે. સમાજમાં સામાન્ય રહે. નોકરી-ધંધા વ્યવસાયમાં હરીફો વધશે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. ઉઘરાણીની ચિંતા વધે. આરોગ્ય નરમ-ગરમ રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ વધશે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં સામાન્ય રહે. ઊંમરલાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. વિદેશનો કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની દોડધામ મહેનત વધે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. નવા ઘર, વાહન, મકાન બાબતે શરૂઆતમાં પ્રગતિ થાય. મિત્રો- વડીલોની મદદ, સામાજીક, જાયદાત, વારસા, જમીન, કાયદાકાનૂન બાબતે મળતી રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઇ, સોમ-ગુરુવાર, 07,16,25 તારીખે નવામ કામ કરવા. ગુલાબી, સફેદ રંગનો ઉપયોગ વધારવો. ઓગસ્ટ, સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર, 05, 14, 23 તારીખે નવા કામ ટાળવાં, લીલો અને લાલ રંગ વાપરવાનું ટાળવું. કેતુ અને ચંદ્રના ઉપાય કરતાં રહેવું.